**સ્પે.દિ.મુ.નં. ૨૪૩/૨૦૨૩**

**:: આંક– ૧ લગત હુકમ ::**

**૧..** સદર કામના વાદી દવારા પ્રતિવાદી સામે હાલનો દાવો બાનાખતનું પાલન કરવા માટે કરેલ છે. વાદીએ દાવો દાખલ કર્યો તે સમયે જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ ન હોય તેથી વાદીને તારીખ: ૦૪/૦૯/૨૦૨૩ ના રોજના હુકમ અનુસાર પુરતો કોર્ટ ફી સ્ટેમ્પ ભરવા માટે પુરતો ટાઇમ આપવા છતાં વાદી દવારા કોર્ટ ફી સ્ટેમ્પ ભરાયેલ નથી.

**૨..** આજરોજ વાદી તથા વાદીના વિ.વ.શ્રીનો વારંવાર પોકાર છતાં કોઈ હાજર નથી અને રેકર્ડ ચકાસણી કરતા કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કરવા વધુ સમય માંગતી કોઈ અરજી પણ રજુ કરેલ ન હોય, રેકર્ડ જોતા વાદીએ સમય અનુસાર જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ ન હોય તે સંજોગોમાં વાદીનો દાવો સી.પી.સી.ઓર્ડર–૭, નિયમ–૧૧(સી) મુજબ કાઢી નાંખવો ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** આથી વાદીનો હાલનો દાવો સી.પી.સી.ઓર્ડર–૭, નિયમ–૧૧(સી) મુજબ કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

**સદરહુ હુકમ આજરોજ તા.૧૭મી, માહે સપ્ટેમ્બર, સન ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**સ્થળ : ગાંધીનગર.**

(સી.કે. પીપળિયા)
**બીજા એડી.સીનીયર સીવીલ જજ,ગાંધીનગર**
કોડ નં.જીજે.૦૦૯૯૪